सत्यमेव जयते

| | | | |
|---|---|---|---|
| ફાઈલ તારીખ | ૧૬/૦૩/૨૦૨૬ | | |
| દાખલ તારીખ | ૧૬/૦૩/૨૦૨૬ | | |
| ફેંસલ તારીખ | ૨૭/૦૩/૨૦૨૬ | | |
| **સમયગાળો** | **વર્ષ** | **માસ** | **દિવસ** |
| | ૦૦ | ૦૦ | ૧૧ |

---

**મહેરબાન ભરૂચના પાંચમાં એડીશનલ સેસન્સ જજ સાહેબની કોર્ટમાં,**
**મુકામ : ભરૂચ**

---

**ફોજદારી પરચુરણ અરજી નં. ૨૦૬/૨૦૨૬**

**આંક : – ૦૬**

**અરજદાર/આરોપી : – સિધ્ધાર્થ મહેન્દ્રભાઈ પરમાર,**
રહે. ૧૩, સ્કાયસીટી, અંકલેશ્વર,
તા. અંકલેશ્વર, જિ. ભરૂચ,
હાલ – જિલ્લા જેલ ભરૂચ.

**વિરૂધ્ધ...**

**સામાવાળા :– ધ સ્ટેટ ઓફ ગુજરાત.**

**વિષય :– બી.એન.એસ.એસ.ની કલમ–૪૮૩ મુજબ રેગ્યુલર જામીન અરજી.**

---

અરજદાર તરફે વિ. વ. શ્રી એમ. એમ. કંસારા
સરકારશ્રી તરફે વિ. એ.પી.પી.શ્રી એમ. ડી. દાયમા

---

**–:: ચુકાદો ::–**

**(૧)** જંબુસર પોલીસ સ્ટેશન ગુ.ર.નં. પાર્ટ–સી ૧૧૧૯૯૦૨૭૨૬૦૦૯૨/૨૦૨૬ થી પ્રોહીબીશન એક્ટની કલમ–૬૫(એ), ૬૫(ઈ), ૮૧, ૮૩, ૯૮(૨), ૧૧૬(બી) મુજબના

ગુનાના કામે અરજદાર/આરોપી તરફે રેગ્યુલર જામીન ઉપર મુકત થવા હાલની જામીન અરજી કરેલ છે.

(૨) અરજદાર/આરોપી તરફે આંક–૦૩ થી રજુ કરેલ લીસ્ટ મુજબ અરજદાર/આરોપીએ આ અગાઉ અત્રેની કોર્ટમાં ક્રિ.પ.અ.નં. ૧૪૨/૨૦૨૬ થી રેગ્યુલર જામીન ઉપર મુકત થવા જામીન અરજી દાખલ કરેલ, જે અત્રેની કોર્ટ દ્વારા તા. ૦૫/૦૩/૨૦૨૬ નાં રોજ નામંજુર કરવામાં આવેલ છે.

(૩) અરજદાર/આરોપીનાં વિ.વકીલશ્રી તથા વિ.એ.પી.પી.શ્રીને સાંભળ્યા, ત.ક.અધિકારીશ્રી તરફે રજુ **આંક–૦૫** નું સોગંદનામું, આરોપી તરફે **આંક–૦૩** નાં લીસ્ટથી રજુ દસ્તાવેજોને ધ્યાને લીધા.

(૪) અરજદાર/આરોપીનાં વિ.વકીલશ્રીની મુખ્યત્વે એવી દલીલ છે કે, ઉપરોકત ગુનાના કામે અરજદાર/આરોપીને તા. ૦૬/૦૨/૨૦૨૬ નાં રોજ ધરપકડ કરેલ છે અને હાલ અરજદાર/આરોપી જયુડી. કસ્ટડીમાં છે. વધુમાં રજુઆત છે કે, આરોપી નિર્દોષ છે, ગુનાના કામે ખોટી રીતે પોલીસે સંડોવી દીધેલ છે. ફરીયાદની ફરીયાદ મુજબ આઇસર ટેમ્પા નં. જીજે–૧૩–એ.ડબલ્યુ.–૨૭૪૦ માંથી બિસ્કીટનાં પુઠાના બોકસ હતા અને વાહનમાંથી ત્રણ ઈસમો પકડાયેલા હતા તેમાં હાલનાં અરજદાર/આરોપી ન હતા પકડાયેલ ઈસમો સહ–આરોપી નં. ૧, ૨, ૩ હતા. ત્યારબાદ ગાડીમાં બેસેલ ૩ ઈસમોનાં નામઠામ પુછતા પ્રથમ ઈસમ એટલે કે હાલનાં અરજદાર/આરોપીએ પોતાનું નામ સિધ્ધાર્થ મહેન્દ્રભાઇ પરમાર જણાવેલ, પરંતુ તે ઉકત આઇસર ટેમ્પામા ન હતા. ઉકત વાહનો હોટલ ક્રિષ્ના કાઠીયાવાડી જે આમોદ–મગણાદ રોડ ઉપર આવેલ હતી ત્યાં હતા અને ત્યાં હોટલ હોવાનાં કારણે લોકોની અવર–જવર રહે છે. વધુમાં રજુઆત છે કે, સમગ્ર ફરીયાદમાં ફરીયાદીએ એવું જણાવેલ નથી કે, હાલનાં અરજદાર/આરોપી પાસેથી કે તેમની ગાડીમાંથી કોઇ વાંધાજનક વસ્તુ મળેલ છે, જે કહેવાતો માલ મળ્યો છે તે આઇસર ટેમ્પોમાંથી મળ્યો છે. આમ, અરજદાર/આરોપી

નિર્દોષ છે અને અરજદાર/આરોપીને ફરીયાદનાં આગલા દિવસે જ કાર અકસ્માત થયેલો અને હાથમાં વાગેલુ પણ હતુ અને હજુ સુધી અરજદારને યોગ્ય ટ્રીટમેન્ટ કે ઓપરેશન પણ થયુ નથી અને આ અંગે ભરૂચ સિવિલમાં તા. ૨૩/૦૨/૨૬ નાં રોજ તપાસ કરવામાં આવેલી છે. વધુમાં રજુઆત છે કે, આઇસર ટેમ્પોનો માલીકી પણ હાલનાં અરજદાર/આરોપીની નથી, અરજદાર/આરોપી કારમાં બહારથી આવતા હતા અને અકસ્માત થયેલ અને હાથમાં વાગેલું હોવા છતા હોટલ ઉપર ચા–પાણી માટે ગાડી ઉભી રાખેલી હતી તે સમયે પોલીસે ખોટી રીતે હાલનાં ગુનામાં સંડોવી દીધેલ છે, જેથી આરોપીને જામીન ઉપર મુકત કરવા રજુઆત કરેલ છે. વધુમાં રજુઆત છે કે, આ ગુનાના કામે અન્ય સહ–આરોપી દિપકભાઇ અમરસંગ વસાવાનાઓને નામ. ગુજરાત હાઈકોર્ટેમાં ક્રિ.પ.અ.નં. ૬૦૭૦/૨૦૨૬ (રેગ્યુલર બેઇલ બીફોર ચાર્જશીટ) થી દાખલ કરતા તે કામે નામ. હાઈકોર્ટે તા. ૧૨/૦૩/૨૦૨૬ નાં રોજ હુકમ કરી સહ–આરોપી દિપકભાઇને જામીન ઉપર મુકત કરેલ છે, જેથી હાલનાં આરોપીને લો ઓફ પેરીટીનો લાભ આપી જામીન ઉપર મુકત કરવા રજુઆત કરેલ છે.

(૫) ફરીયાદપક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રીએ આઇ.ઓ.નાં **આંક–૦૫** નાં સોગંદનામાને અનુરૂપ મહત્વની દલીલ કરી રજુઆત કરેલ છે કે, હાલનાં ગુનાના કામે આરોપીઓનાં કબજાની આઇસર ટ્રક નં. જીજે–૧૩–એ.ડબલ્યુ–૨૭૪૦ માંથી ભારતીય બનાવટનાં વિદેશી દારૂનાં ૧૯૫ બોકસ જેમાં નાની–મોટી બોટલ/ટીન નંગ–૭૨૦૦ કિં. રૂા. ૨૫,૬૪,૨૦૦/– નો મુદ્દામાલ દારૂ કબજે કરવામાં આવેલ છે અને હાલનાં અરજદાર/આરોપી બનાવ સ્થળ ઉપરથી અન્ય સહ–આરોપીઓની સાથે પકડાયેલ છે. વધુમાં રજુઆત છે કે, હાલનાં ગુનાનાં કામે આરોપીનો રોલ જોતા, હાલનાં અરજદાર/આરોપી તથા સહ–આરોપી જયદિપ ઉર્ફે જીમ્મી પાર્ટનરશીપમાં વિદેશી દારૂનો ધંધો કરે છે અને હાલનાં અરજદાર/આરોપી રેઇડ દરમ્યાન પકડાયેલ છે અને તેઓનાં કબજામાંથી વિદેશી દારૂનો જથ્થો મળેલ

છે, બન્ને પાર્ટનરો પોતાના વિદેશી દારૂના ધંધાનો વ્યાપ વધારવા માટે સહ–આરોપી દિપક વસાવા તથા સહ–આરોપી મેહુલ પાટણવાડીયાને ગ્રાહકોને શોધી લાવવા માટે રાખેલ હતા, જેમાં સહ–આરોપી કિરણસિંહને સહ–આરોપી મેહુલે શોધી આપેલ હતો અને સહ–આરોપી રવિદાસ ઉર્ફે લાલને સહ–આરોપી દિપક વસાવાએ શોધી આપેલ હતો. હાલનાં અરજદાર/આરોપીનાં મોબાઇલ નંબરનાં સી.ડી.આર. મંગાવતા તે અન્ય સહ–આરોપીઓનાં સંપર્કમાં હોવાનું જણાયેલ, જેમાં સહ–આરોપી ડ્રાઇવર નિરકુંશ સાથે ૩૭૫ વખત, પાર્ટનર સહ–આરોપી જયદિપ ઉર્ફે જીમ્મીના બે મોબાઇલ નંબર સાથે કુલ–૧૮૬ વખત તથા અન્ય સહ–આરોપી દિપક અમરસંગ સાથે ૨૩ વખત સંપર્કમાં હોવાનું જણાયેલ છે. વધુમાં રજુઆત છે કે, હાલનાં અરજદાર/આરોપી તથા સહ–આરોપી જયદિપ ઉર્ફે જીમ્મી વિદેશી દારૂ સહ–આરોપી કિરણ ચૌહાણને આપવા ગુનાવાળી જગ્યાએ સહ–આરોપીઓ સાથે આઇટેન ફોરવ્હીલ કારમાં ગયા હતા અને ત્યાં સહ–આરોપી કિરણને ૧૦૦ પેટીઓ આપ્યા બાદ સહ–આરોપી રવિદાસ ઉર્ફે લાલાને ૭૦ પેટી આપવા માટે કરજણ નજીક જવાનાં હતા અને છેલ્લે સહ–આરોપી અનીલ ઉર્ફે અનીત લંગડો મોહનભાઇ પરમારને આપવા જવાનાં હતા. આમ, હાલનાં અરજદાર/આરોપીની ગુનાના કામે સક્રિય ભુમીકા રહેલી છે. વધુમાં રજુઆત છે કે, હાલનાં અરજદાર/આરોપીની ક્રિ.પ.અ.નં. ૧૪૨/૨૦૨૬ ની રેગ્યુલર જામીન અરજી અત્રેની કોર્ટ દ્વારા નામંજુર કરવામાં આવેલ છે અને હાલનાં ગુનાના અન્ય પાંચ સહ–આરોપીઓની પણ રેગ્યુલર જામીન અરજી અત્રેની કોર્ટ દ્વારા નામંજુર કરવામાં આવેલ છે. વધુમાં રજુઆત છે કે, હાલનાં ગુનાના કામે કુલ–૭ આરોપીઓ પકડાયેલા છે તે પૈકી દિપકભાઇ વસાવાને નામ. હાઇકોર્ટ દ્વારા જામીન આપવામાં આવેલ છે અને અન્ય ૬ આરોપીઓ જયુડી. કસ્ટડીમાં છે. હાલ ગુનાની તપાસ ચાલુ છે અને દારૂનો જથ્થો મોકલનાર આરોપીને પકડવાનો બાકી છે. હાલનાં કેસમાં ખુબ જ મોટા પ્રમાણમાં દારૂનો જથ્થો મળી

આવેલ હોય આરોપીને જામીન ઉપર મુકત કરવામાં આવે તો સમાજમાં વિપરીત અસર પડે તેમ છે અને આરોપી ટ્રાયલ દરમ્યાન હાજર રહેશે નહી, જેથી ટ્રાયલ વિલંબમાં મુકાય તેમ છે, જેથી હાલની જામીન અરજી નામંજુર કરવા રજુઆત કરેલ છે.

(૬) હાલનાં અરજદાર/આરોપીએ એફ.આઇ.આર.નાં ગ્રાઉન્ડ ઉપર ક્રિ.પ.અ.નં. ૧૪૨/૨૦૨૬ દાખલ કરેલ, જે અત્રેની કોર્ટ દ્વારા આરોપીનો ગુનામાં સક્રિય રોલ તથા મળી આવેલ દારૂનો જથ્થો તથા ગુનાની ગંભીરતા ધ્યાને લઇ જામીન અરજી નામંજુર કરવામાં આવેલ અને તે જામીન અરજીનાં પેરા–૫ માં નીચે મુજબનું અવલોકન કરવામાં આવેલ છે.

*"(૫) આરોપી સામેના આક્ષેપીત ગુનાની હકીકત જોવા એફ.આઇ.આર. તથા પોલીસ પેપર્સ ધ્યાને લેતા, પોલીસને બાતમી મળેલ કે, પ્રોહીબીશન બુટલેગર કિરણસિંહ ચૌહાણ આમોદ–મગણાદ રોડ ઉપર આવેલ ક્રિષ્ના કાઠીયાવાડીનાં કમ્પાઉન્ડમાં એક ફોરવ્હીલ ગાડી નં. જીજે–૧૬–સી.બી.–૬૭૬૪ તથા આઇસર ટ્રક રજી. નં. જીજે–૧૩–એ.ડબલ્યુ.–૨૭૪૦ સાથે બીજા પાંચેક માણસો લઇને ઉભો છે, જે શંકાસ્પદ છે, જેથી પોલીસે પંચોને સાથે રાખી સ્ટાફનાં માણસો સાથે આ જગ્યા ઉપર રેઇડ કરતા ઉપરોકત બન્ને ગાડીઓ સ્થળ ઉપર મળી આવેલ અને આઇસર ટ્રક રજી. નં. જીજે–૧૩–એ.ડબલ્યુ.–૨૭૪૦ માંથી પોલીસે ભારતીય બનાવટનાં વિદેશી દારૂનાં ૧૯૫ બોકસ જેમાં નાની–મોટી બોટલ/ટીન નંગ–૭૨૦૦ કિં. રૂા. ૨૫,૬૪,૨૦૦/– નો મુદ્દામાલ દારૂ કબજે કરવામાં આવેલ છે. વધુમાં સદર આઇસર ટ્રકનાં ડ્રાઇવર તરીકે સહ–આરોપી નિરંકુશ અનિલભાઇ લહાસેનાઓ હતા તથા સહ–આરોપી કિરણસિંહ ગેમલસિંહ ચૌહાણ તથા જયદિપ ઉર્ફે જીમ્મી અનિલભાઇ સોલંકીનાંઓ ટ્રક અને ગાડીની વચ્ચે ઉભેલા મળી આવેલ અને ગાડી નં. જીજે–૧૬–સી.બી.–૬૭૬૪ માં બેસેલ ઇસમોનાં નામ પુછતા હાલનાં અરજદાર/આરોપી સિધ્ધાર્થ મહેન્દ્રભાઇ પરમાર તથા સહ–આરોપી દિપકભાઇ અમરસંગ વસાવા તથા સહ–આરોપી મેહુલકુમાર અરવિંદભાઇ પાટડીયાનાઓ*

*મળી આવેલ. આમ, ગુનાનાં કામે હાલનાં અરજદાર/આરોપીનો રોલ જોવામાં આવે તો, બાતમી મુજબ આઇસર ટ્રક તથા ફોરવ્હીલ ગાડી બનાવ સ્થળ ઉપરથી મળી આવેલ અને આ ફોરવ્હીલ ગાડીમાં હાલનાં અરજદાર/આરોપીનાઓ સહ–આરોપીઓ સાથે હતા, જેથી ગુનામાં અરજદાર/આરોપીનો સક્રિય રોલ હોવાનું જણાય છે. વધુમાં પોલીસ એફીડેવીટનાં કોલમ નં. ૧૨ મુજબ હાલનાં અરજદાર/આરોપીનો ગુનાના કામે રોલ જોતા, હાલનાં અરજદાર/આરોપી તથા સહ–આરોપી જયદિપ ઉર્ફે જીમ્મી પાર્ટનરશીપમાં વિદેશી દારૂનો ધંધો કરતો હોવાની હકીકતો ખુલેલી છે અને બાતમી મુજબ બનાવ સ્થળ ઉપરથી આરોપી મળી આવેલ છે અને આ બન્ને આરોપીઓ પાર્ટનરશીપમાં ધંધો કરતા હોય તેઓએ અન્ય સહ–આરોપી દિપક વસાવા તથા મેહુલ પાટવાડીયાને ગ્રાહકો શોધીને લાવવામાં રાખેલ હતા. વધુમાં પોલીસ એફીડેવીટ મુજબ હાલનાં અરજદાર/આરોપીએ પોતાનો મોબાઇલ નંબર જણાવેલ છે જેને કોલ ડિટેલ કઢાવતા અરજદાર/આરોપી અન્ય સહ–આરોપીઓ સતત સંપર્કમાં હોવાની હકીકત જણાય આવેલ છે. આમ, હાલનાં અરજદાર/આરોપીની ગુનાનાં કામે સક્રિય ભુમીકા છે અને ખુબ જ મોટા જથ્થામાં મુદ્દામાલ વિદેશી દારૂ મળી આવેલ છે અને પોલીસ પેપર્સ જોતા આરોપીને ગુના સાથે સાંકળવા માટેનાં પુરતા પુરાવાઓ મેળવેલા છે. આ કામે આરોપીઓનાં નિવેદન પણ લેવામાં આવેલ છે તે જોતા પણ હાલનાં અરજદાર/આરોપીની સક્રિય ભુમીકા ખુલેલી છે અને હાલ ગુનાની તપાસ ચાલુ છે તે સંજોગોમાં આરોપી સામે પ્રથમદર્શનીય કેસ હોય જામીન ઉપર મુકત કરવા ન્યાયોચિત જણાતું નથી. "*

(૭) આરોપીનાં વિ. વકીલશ્રી તરફે મુખ્યત્વે એવી દલીલ રહેલી છે કે, આ ગુનાનાં અન્ય સહ–આરોપી દિપકભાઇ અમરસંગ વસાવાને નામ. ગુજરાત હાઇકોર્ટ દ્વારા જામીન ઉપર મુકત કરવામાં આવેલ છે, જેથી હાલનાં આરોપીને રમેશભાઇ બટુભાઇ ડાભી વિ. સ્ટેટ ઓફ ગુજરાતનાં ચુકાદા મુજબ પેરીટીનાં સિધ્ધાંતનો લાભ આપી જામીન ઉપર મુકત કરવા રજુઆત કરેલ છે.

ઉપરોકત રજુઆતનાં સંદર્ભમાં હાલનાં અરજદાર/આરોપીનો ગુનામાં રોલ જોવામાં આવે તો, હાલનાં અરજદાર/આરોપી સિધ્ધાર્થ પરમાર તથા સહ–આરોપી જયદિપ ઉર્ફે જીમ્મી પાર્ટનરશીપમાં વિદેશી દારૂનો ધંધો કરતા હોવાનું ખુલેલુ છે અને આ બન્ને આરોપીઓએ તેમનાં દારૂનાં ધંધાનો વ્યાપ વધારવા માટે સહ–આરોપી દિપકભાઇ વસાવા (નામ. હાઇકોર્ટનાં હુકમથી જામીન ઉપર મુકત થયેલ આરોપી) તથા સહ–આરોપી મેહુલ પાટણવાડીયાને ગ્રાહકો શોધી લાવવા માટે રાખેલ હતા અને સહ–આરોપી દિપકભાઇ વસાવાએ આ ગુનાના અન્ય સહ–આરોપી રવિદાસ ઉર્ફે લાલાને ગ્રાહક તરીકે શોધી આપેલ હતો. આમ, નામ. હાઇકોર્ટ દ્વારા સહ–આરોપી દિપકભાઇ વસાવાને જામીન ઉપર મુકત કરેલ તે આરોપીનો ગુનામાં રોલ જોતા, મુદ્દામાલ દારૂ સહ–આરોપી દિપક વસાવાએ મંગાવેલ ન હતો કે તે લેનાર તરીકે ન હતો અને તે મુખ્ય આરોપી વતી કામ કરી રહેલ હતો, જેથી સહ–આરોપી દિપક વસાવાને નામ. ગુજરાત હાઇકોર્ટે જામીન ઉપર મુકત કરેલ છે, જયારે હાલનાં અરજદાર/આરોપીનો રોલ જોવામાં આવે તો, તેઓ તથા અન્ય સહ–આરોપી જયદિપ ઉર્ફે જીમ્મી પાર્ટનરશીપમાં દારૂનો ધંધો કરતા હોવાનું ખુલેલુ હોય મુખ્ય આરોપી છે, જેથી હાલનાં અરજદાર/આરોપીનો ગુનામા રોલ જોતા, જામીન ઉપર મુકત થયેલ આરોપીના રોલ કરતા વધુ પ્રમાણમાં રોલ હોય અને મુખ્ય આરોપી હોય હાલનાં અરજદાર/આરોપીને પેરીટીનાં સિધ્ધાંતનો લાભ મળવાપાત્ર નથી, જેથી આરોપીના વિ. વકીલશ્રીની દલીલ સ્વીકારવાપાત્ર નથી.

(૮) આમ, ઉપરોકત ચર્ચા કરી તે મુજબ અરજદાર/આરોપી સામેનાં આક્ષેપીત ગુનાની હકીકતો ધ્યાને લેતા, પ્રથમદર્શનીય રીતે ગંભીર પ્રકારનો સમાજ વિરૂધ્ધના ગુનાનો આક્ષેપ છે, પોલીસે આરોપીને ગુનામાં સાંકળવા માટેનાં પુરતા પુરાવાઓ મેળવેલ છે અને હાલ ગુનાની તપાસ ચાલુ છે તેમજ હાલનાં અરજદાર/આરોપીને પેરીટીનાં સિધ્ધાંતનો લાભ મળવાપાત્ર નથી, તે સંજોગોમાં ગુનાની

ગંભીરતા વિગેરે તમામ હકીકતો તથા સંજોગો ધ્યાને લેતા આરોપીને જામીન ઉપર મુકત કરવા ન્યાયોચિત જણાતુ ન હોય હાલની જામીન અરજી નામંજુર કરતો છેવટનો આખરી હુકમ નીચે મુજબ કરવામાં આવે છે.

**:: હુકમ ::**

(૧) અરજદાર/આરોપી **સિધ્ધાર્થ મહેન્દ્રભાઇ પરમાર,** રહે. ૧૩, સ્કાયસીટી, અંકલેશ્વર, તા. અંકલેશ્વર, જિ. ભરૂચ, હાલ – જિલ્લા જેલ ભરૂચનાઓની જંબુસર પોલીસ સ્ટેશન ગુ.ર.નં. પાર્ટ–સી ૧૧૧૯૯૦૨૭૨૬૦૦૯૨/૨૦૨૬ થી પ્રોહીબીશન એકટની કલમ– ૬૫(એ), ૬૫(ઇ), ૮૧, ૮૩, ૯૮(૨), ૧૧૬(બી) મુજબના કામે રેગ્યુલર જામીન ઉપર મુકત થવાની હાલની જામીન અરજી **નામંજુર** કરવામાં આવે છે.

(૨) આ હુકમની જાણ સંબંધીત પોલીસ સ્ટેશનને કરવી.

(૩) આ હુકમની એક નકલ સંબંધીત જેલમાં આરોપીને આપવા માટે મોકલવી અને સુપ્રિન્ટેન્ડન્ટ/જેલરશ્રીએ આરોપીને નકલ આપ્યાનો અત્રેની કોર્ટને રીપોર્ટ કરવો.

આ હુકમ આજ **તા. ૨૭ મી, માહે : માર્ચ, સને : ૨૦૨૬** ના રોજ અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા. ૨૭/૦૩/૨૦૨૬
સ્થળ : ભરૂચ

**(પિંકલ એમ. સોની )**
પાંચમા એડીશનલ સેસન્સ જજ,
ભરૂચ.
**(કોડ નં. જી.જે. ૦૦૭૪૭)**

SUC